ગાંધીનગર-એરપોર્ટ માર્ગ હવે, સુનો થઈ ગયો...!!

મોદી માર્ગ બની ગયેલા આ હાઈવેને હાઈ સિક્યુરિટી પૂરી પાડવા તંત્રને પરસેવા છૂટી ગયા હતા

ગાંધીનગર, તા. ૨૮

તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ઝેડ પ્લસ સિક્યુરિટી હોવાથી પોલીસે ચુસ્ત રોડ બંદોબસ્ત રાખવો પડતો હતો. ગાંધીનગર પોલીસે તો દરરોજ મોદી નિવાસ્થાનેથી નીકળે તે પહેલા બે કલાક અને કાફલો જતો રહે તેના પછી પણ અડધા કલાક સુધી ઠંડી હોય કે ગરમી કાઈ જોયા વગર રોડ પર સ્ટેન્ડ ટુ રહેવું પડતું હતું. મુખ્યમંત્રી નિવાસ્થાનથી કોબા હાઈવે તો મોદી હાઈવે જ બની ગયો હતો. અને દરરોજ આ હાઈવે પરથી એરપોર્ટસુધીની અવર-જવર થતી હોવાથી સલામતીના ભાગરૂપે આ હાઈવેને હાઈ સિક્યોર બનાવી દેવાયો હતો. હવે મોદી સાહેબ દિલ્હી જતા રહેતા જાણે આ હાઈવે સુનો સુનો થઈ ગયો હોય તેમ લાગી રહ્યો છે. નરેન્દ્ર મોદી પી.એમ બન્યા ત્યાં સુધી સતત તેમના બંદોબસ્તમાં વ્યસ્ત રહેલી ગાંધીનગરની પોલીસ આ લાગણી વ્યક્ત કરી રહ્યા છે કે હવે તો આ હાઈવે પર ખાલીપો લાગી રહ્યો છે.

મુખ્યમંત્રી નિવાસ્થાનથી લઈને એરપોર્ટ સુધીનો હાઈવે મોદી સાહેબ માટે રોજબરોજની અવર-જવરનો હાઈવે બની ગયો હતો. તેમાં પણ ખાસ કરીને મુખ્યમંત્રી નિવાસ્થાનથી કોબા હાઈવે પર આજુબાજુ ઝાડીઓ હોવાથી સલામતીની દ્રષ્ટિએ પોલીસ તંત્રએ સતત એલર્ટ રહેવું પડતું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

છેલ્લા એક વર્ષમાં તો આ હાઈવે પર આસપાસની ઝાડીઓ ની સાફસફાઈ ઝુંબેશ કર્યા બાદ કમ્પાઉન્ડ વોલ સ્વરૂપે લોખંડની રેલીગો ઉભી કરી દેવામાં આવી હતી. તે ઉપરાંત આ મોદી માર્ગને ઝળહળતો રાખવા માટે મોટી મોટી સ્ટ્રીટ લાઈટો ઉભી કરવામાં આવી હતી.આ આખો હાઈવે સોનાક્ષી સિન્હાના ગાલ જેવો બનાવી દેવામાં આવ્યો હતો. અને દર પખવાડિયે આ હાઈવેનું મોનીટરીગ કરીને જરૂર જણાય ત્યાં સમારકામ પણ તાત્કાલિક કરી દેવાતું હતું. મોદી સાહેબ માટે આ હાઈવે નવી નવેલી દુલ્હનની જેમ સજાયેલો રખાતો હતો. મોદી સાહેબ હવે દિલ્હી જતા રહ્યા એટલે આ હાઈવે હવે સુનો સુનો બની ગયો છે. આ આખો હાઈવે પર હવે ખાલીપો લાગી રહ્યો છે તેમ ગાંધીનગરની જે પોલીસ સતત બંદોબસ્તમાં રહેતી હતી તે પોલીસ લાગણી વ્યક્ત કરી રહી છે.

ગોઝારીયાથી ચિલોડા આવતા આશાસ્પદ યુવાનનું રસ્તામાં કરુણ મોત

ચિલોડા પાસે આર્મી કેમ્પ સામે લીમડાના ઝાડ સાથે બાઈક ધડાકાભેર અથડાતા ઘટના સ્થળે જ પ્રાણ છુટી ગયા

ગાંધીનગર, તા. ૨૮

મહેસાણા જિલ્લાના ગોજારીયા વિસ્તારમાં રહેતો અને દરજી કામ કરતો ૨૭ વર્ષનો આશાસ્પદ યુવાન પોતાના ઘરની નબળી આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા માટે વિદેશ જઈને રૂપીયા કમાવી પિતાને આપવાની મહેચ્છા ધરાવતો હતો. પાસપોર્ટ બનાવવા માટે જરૂરી ડોક્યુમેન્ટ લેવા માટે જ યુવાન બાઈક લઈને ગોજારીયાથી ચિલોડા ખાતે નાનકડી દુકાનમાં દરજીકામ કરતા પિતા પાસે આવી રહ્યો હતો. ગઈ કાલે બપોરે આ યુવાન બાઈક પર ચિલોડા નજીક આર્મી કેમ્પ પાસે પહોંચ્યો અને તેને કાળ ભરખી ગયો હતો. પરિવાર માટે જોયેલા સ્વપ્નો ઉજાગર કરે તે પહેલા જ તે યુવાનની ઝીંદગી છીનવાઈ ગઈ.!! તેનું બાઈક આર્મીકેમ્પ પાસે લીમડાના ઝાડ સાથે ધડાકાભેર ટકરાતા આશાસ્પદ યુવાનનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજયું હતું. ચિલોડા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા વિસ્તારમાં ચામુંડા લેડીઝ ટેલર્સ નામની દરજીકામની નાનકડી દુકાન ચલાવતા રતિલાલ દરજીની આર્થિક સ્થિતિ નબળી છે. તેમના બંને સંતાનો ગોજારીયા ખાતે દરજીકામ કરે છે અને ત્રણેય મળી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના બંને દીકરાઓ પિતાનું દુખ જોઈ શકતા ન હતા તેથી આર્થિક સ્થિતિ મજબુત થાય તે માટે બંને ભાઈઓએ વિદેશમાં જઈને મહેનત કરવાનો નિર્ણય લીધો હતો. તે માટે -ોસેસ ચાલુ કરી. ૨૭ વર્ષીય હિતેશ રતિલાલ દરજી પાસપોર્ટ કઢાવવા માટે જરૂરી ડોક્યુમેન્ટ લેવા માટે પિતાની દુકાને ચિલોડા તરફ ગઈ કાલે બપોરે બાઈક નં. જી.જે ૧૮ આર ૩૦ લઈને આવી રહ્યો હતો. દરમિયાન હિતેશને ચિલોડા ખાતે પિતા પાસે પહોંચવામાં માત્ર પાંચ જ મીનીટનો રસ્તો બાકી હતો ત્યાં જ તેને અકસ્માત નડ્યો હતો. બાઈક અચાનક રસ્તાની બાજુમાં લીમડાના ઝાડના થડે ધડાકા સાથે ટકરાઈ જતા તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેને પગલે તેનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજયું હતું. પરિવાર સહીત અખા કુટુંબમાં આ સમાચારથી શોકની લાગણી -સરી જવા પામી છે.

કેનેડા કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર દિનેશની પત્નીની ધરપકડ

કાયમી વિઝાના બહાને કરોડોનું ચીટીંગ કરવામાં પત્ની ભારતીની પણ સંડોવણી હતી

ગાંધીનગર, તા. ૨૮

શહેરના સેક્ટર-૧૬ ખાતે સ્થિત ઓમ ઈમિગ્રેશનના માલિક દિનેશ સહીત કર્મચારીઓએ મળીને ગાંધીનગર તથા આસપાસના લોકોને કેનેડા ના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર તપાસ એલ.સી.બી ને સોંપાયા બાદ ઓમ ઈમિગ્રેશનના કૌભાંડી સંચાલક દિનેશ પટેલની એલ.સી.બી ની ટીમે ધરપકડ કરી હતી. કેનેડા રહેતો તેનો ગુજરાતી સાગરીત જ દિનેશનું કરોડોનું કરી ગયો હોવાની કેફિયત દિનશે પોલીસ સમક્ષ આપી હતી. આ કૌભાંડમાં દિનેશની ઓફિસમાં જ કામ કરતો અને મહત્વનો રોલ અદા કરતો ભાણો પણ પોલીસ સકંજામાં આવી ગયો હતો. આજે એલ.સી.બી ની ટીમે મુખ્યસુત્રધાર દિનેશની પત્ની ભારતીની પણ ધરપકડ કરી લઈને ડી પૂછપરછ શરુ કરી છે.

શહેરના સેક્ટર-૧૬માં આવેલી ઓમ ઈમિગ્રેશનની ઓફીસના સંચાલક દિનેશ મણીભાઈ પટેલ તથા તેમાં કામ કરતા માણસો મળીને છ જણાએ કેનેડાના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કેટલાય લોકોને લાખો રૂપિયામાં સુવડાવી દઈ કરોડોનું કૌભાંડ આચર્યું હોવાનું બહાર આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર કૌભાંડ ની તપાસ એલ.સી.બી ને તપાસ સોપવામાં આવતા એલ.સી.બી એ નાસતા ફરતા કૌભાંડી મુખ્ય સુત્રધાર દિનેશ પટેલની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા ૮ દિવસના રીમાન્ડ કોર્ટે મંજુર કર્યા હતા. પૂછપરછ માં -ાથમિક તબક્કામાં બહાર આવ્યું હતું કે ગાંધીનગરમાં પહેલા રહેતો અને ઘણા સમયથી કેનેડામાં સ્થાયી થયેલો દિનેશનો એક ગુજરાતી મિત્ર આ વહીવટ કરતો હતો. પહેલા કેનેડાના કાયમી વિઝાના ઘણા કામ કરાવી દીધા બાદ હમણાથી તેણે પૈસા લઈ લીધા બાદ સંપર્ક તોડી નાંખીને દિનેશનું કરી નાખ્યું હોવાની કેફિયત પોલીસ સમક્ષ દિનેશે આપી હતી. કેનેડાના તે સાગરીત સામે લુક આઉટ નોટીસ પણ જારી કરવા તજવીજ શરુ કરી દેવામાં આવી છે. તો બીજી તરફ કેનેડા વિઝા ઈચ્છુક લોકોને શોધવાનું તથા તેમણે બાટલીમાં ઉતારવાનું મહત્વનું કામ કરતો દિનેશનો ભાણો જયદીપ પટેલ પણ થોડા દિવસો અગાઉ એલ.સી.બી ના સકંજામાં આવી ગયો હતો. આજે પી.આઈ આશુતોષ પરમારે મુખ્યસુત્રધાર દિનેશની પત્ની ભારતી પટેલની પણ ધરપકડ કરી કૌભાંડના મૂળ સુધી પહોંચવા -યત્નો શરુ કર્યા છે. ભારતીનો પણ આ કૌભાંડમાં મોટો રોલ હોવાનું જાણવા મળ્યું છે.



'સાબરમતી ગેસ' દ્વારા સેક્ટર-૨૧માં ફુટપાથ પર ચેતવણી બોર્ડ મુકવામાં આવેલ છે. છતાં તેને નગણ્ય કરી વેપારીઓ ત્યાં જ ધંધા જમાવી બેઠા છે. આ જોખમકારક હોઈ શકે કે નહિં તે તો તંત્ર જાણે અથવા આ જગ્યાએ બેસનાર...! (તસવીર : કશ્યપ નિમાવત)

માણસામાં લગ્ન પ્રસંગે આવેલો બળાત્કારનો વોન્ટેડ આરોપી એસ.ઓ.જી.એ પકડી પાડ્યો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર રેન્જના સાબરકાંઠા જીલ્લાના ઈડર વિસ્તારમાં ગત વર્ષે એક યુવતીનું અપહરણ કરીને બળાત્કાર ગુજાર્યો હોવા સંદર્ભે સ્થાનિક પોલીસ મથકમાં જે આરોપી સામે ગુનો નોંધાયો હતો તે શખ્સ છેલ્લા એક વર્ષથી ભાગતો ફરતો હતો. આ શખ્સ ગાંધીનગર જીલ્લાના માણસા વિસ્તારમાં એક લગ્ન -સંગે હાજરી આપવા આવ્યો હોવાની બાતમી મળતા ગાંધીનગર એસ.ઓ.જી ની ટીમે વોચ ગોઠવીને બળાત્કારના વોન્ટેડ આરોપીની ધરપકડ કરી લીધી છે. આરોપીની ધરપકડ કરીને ઈડર પોલીસને એસ.ઓ.જી એ મોકલી આપ્યો છે.

ગાંધીનગર રેન્જ ડી.આઈ.જી.પી રાજીવ રંજન ભગત તથા ગાંધીનગર ડી.એસ.પી શરદ સિંઘલ દ્વારા નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા ઝુંબેશ રાખવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર એસ.ઓ.જી ની ટીમ તે દિશામાં કાર્યરત થઈ છે. દરમિયાન ગાંધીનગર એસ.ઓ.જી પી.આઈ જે.ડી.બ્રહ્મભટ્ટને બાતમી મળી હતી કે છેલ્લા એક વર્ષથી ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા યુવતીના અપહરણ અને બળાત્કારના ગુનામાં નાસતો ફરતો આરોપી અમિતજી અરજણજી રાઠોડ રહે.લાકરોડા, તા.માણસા જી.ગાંધીનગર ૨૭ મે ના રોજ માણસા ખાતે એક લગ્ન -સંગે હાજરી આપવા આવવાનો છે. તેને આધારે વોચ ગોઠવીને એસ.ઓ.જી પી.આઈ ની સુચનાથી પી.એસ.આઈ ઉત્સવ બારોટ તથા તેમની ટીમે વોન્ટેડ આરોપી અમિતજીની ધરપકડ કરી લીધી હતી. એસ.ઓ.જી એ આરોપીની ધરપકડ કરીને ઈડર પોલીસને સોંપી દીધો છે.

ઓઈલ ચોરીના ગુનામાં વોન્ટેડ શખ્સને એલ.સી.બી.એ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં અગાઉ થયેલી ઓઈલ ચોરી અંગે દાખલ થયેલા ગુનામાં છેલ્લા ઘણા સમયથી વોન્ટેડ આરોપી ગઈ કાલે ગાંધીનગર એલ.સી.બી પોલીસના હાથે ઝડપાઈ જવા પામ્યો હતો. પોલીસે ભાવનગર વિસ્તારના આ શખ્સની ધરપકડ કરીને એબ્સ્કોન્ડર સ્કવોડે કલોલ તાલુકા પોલીસને આરોપી સોંપી દીધો છે. આ આરોપી કલોલ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા ઓઈલ ચોરીના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો હતો.

ગાંધીનગર ડી.એસ.પી શરદ સિંઘલે નાસતા ફરતા આરોપીઓને પકડવા પતે ગાંધીનગર એલ.સી.બી પી.આઈ આશુતોષ પરમારને સુચન કરતા ડી.એસ.પી ની મંજૂરીથી એબ્સ્કોન્ડર સ્કવોડ ની રચના કરી હતી. આ સ્કવોડ વોન્ટેડ આરોપીઓ પકડવા માટે બનાવવામાં આવી છે. સ્કવોડના પી.એસ.આઈ એમ.સી.ગોહિલ તથા તેમની ટીમે કલોલ તાલુકા પોલીસ મથકે નોંધાયેલા ઓઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલા અને વર્ષ ૨૦૦૯ થી નાસતા ફરતા આરોપીને શોધીને પકડી પાડ્યો છે. ભાવનગરના ઘોઘા રોડ ગાયત્રીનગર વિસ્તારનો હરેન્દ્રસિંહ ઉર્ફે હરપાલસિંહ રણુભા નામના આ પાંચ વર્ષથી વોન્ટેડ શખ્સની ઓઈલ ચોરીમાં સંડોવણીના કેશમાં ધરપકડ કરી સ્કવોડે કલોલ તાલુકા પોલીસને સોંપ્યો છે.

કલોલમાં કાર્બાઈડથી પકવેલી ૧૩ ટન કેરીનો નાશ કરાયો

ઉનાળાની ઋતુ એટલે ફળોના રાજા કેરીની સિઝન. વેપારીઓ દ્વારા વધુ નફો કરવાની લાલચમાં નગરજનોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવે છે. કેરીઓને કાર્બાઈડથી પકવી ઝડપથી બજારમાં લાવી વેચાણ કરવામાં આવે છે ત્યારે આજે કલોલની કેલિકો મીલ પાસેથી ૧૩ ટન કાર્બાઈડથી પકવેલી કેરીનો જથ્થો કલોલ નગરપાલિકા દ્વારા પકડી નાશ કરવામાં આવ્યો હતો જેની કિંમત આશરે અઢીથી ત્રણ લાખ જેટલી થવા જાય છે. કાર્બાઈડથી પકવેલી કેરીનું વેચાણ કરનાર વેપારીને રૂ. ૩૫૦૦ નો દંડ અને નોટીસ આપવામાં આવી છે.

ધોરણ-૧૦ પછી શું? અને ધોરણ-૧૨ માં ઓછા ટકા કે નિષ્ફળતા પર ફ્રી સેમિનાર યોજાશે

સે-૧૬ સ્થિત ખાંડ ભવન ખાતે કારકિર્દીને લગતો સેમિનાર : સંતાનના ઉજળા ભવિષ્ય માટે વાલી જાગે

ગાંધીનગર, તા.૨૮

બોર્ડ પરીક્ષાના પરિણામ આવતા જ વિદ્યાર્થીના માતા પિતાની ચિંતામાં વધારો થઈ જાય છે. પોતાના દિકરા કે દિકરીનું ભવિષ્ય ઉજળું બને તે માટે કયો વિષય પસંદ કરવો તેવા પ્રશ્નોથી માતા પિતા મુંઝવણ અનુભવતા હોય છે. શહેરમાં ધોરણ-૧૦ પછી કે ધોરણ-૧૨ પછી શું? વિષય પર મફત સેમિનાર યોજવામાં આવનાર છે.

હાલના સમયમાં દિકરા કે દિકરીના માતા પિતાને એક જ સવાલ કોરી ખાતો હોય છે. ધોરણ-૧૨નું પરિણામ આવી ગયું છે. તેમજ આગામી ત્રણ દિવસમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ પણ આવી જશે ત્યારે પોતાના સંતાનની કારકિર્દી ઉજળી બને તે માટે ગાંધીનગર શહેરમાં આગામી તા. ૧ જુનના રોજ સેક્ટર-૧૬માં આવેલ ખાંડ ભવન ખાતે બપોરે ૪.૩૦ થી ૬.૩૦ દરમિયાન સેમિનાર યોજવામાં આવશે. અમદાવાદના મન ઈગ્નેટ ઈન્ટેલીજન્સ દ્વારા યોજાનાર આ ત્રીસ મિનીટના કાર્યક્રમમાં નિષ્ણાતો સાથે વાલીઓ સીધી વાતચીત તેમજ વાર્તાલાપ કરી શકશે. જેમાં કારકિર્દીને લગતા પ્રવાહની પસંદગી માટેના પ્રાણ પ્રશ્નની રજુઆત કરી ઉકેલ મેળવી શકશે. ધો-૧૦ પછી સંતાનને શું કરાવવું કેમ કરાવવું અને શા માટે કરાવવું તેમજ ધો-૧૨માં સંતાનને ઓછા ટકા કે નિષ્ફળતા મળી છે તેનું યોગ્ય સમાધાન તજજ્ઞો દ્વારા કરવામાં આવશે. ત્યારે પ્રવાહની પસંદગી માટેનો એક ખોટો નિર્ણય કારકિર્દી તથા જીવતરને બગાડી શકે છે તેથી નગરજનોએ સેમિનારનો યોગ્ય લાભ લેવો જોઈએ.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૧૮

તાપમાન

મહત્તમ : ૪૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૩ ટકા ● સાંજે ૧૮ ટકા

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
હીરોપંતી : ૧૦.૦૦ (રાત્રે)
: સ્ક્રીન-૨ :
કૌચયયાન ૩-ડી: ૧૨.૩૦
એક્સ મેન : ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
૩-ડી ગોડજીલા : ૫.૧૫
: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧.૦૦
કૌચયયાન ૨-ડી (હિન્દી): ૩.૩૦, ૫.૪૫, ૧૦.૧૫
કૌચયયાન ૨-ડી (તમિલ) : ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હીરોપંતી : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
ધ એક્સપોઝ : ૧.૦૦
કૌચયયાન : ૩.૩૦
હીરોપંતી : ૬.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૩૦,૪.૧૫,૭.૦૦,૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કોચયયાન ૩ડી (હિન્દી):૯.૩૦,૩.૦૦,૫.૩૦,૧૦.૫૫
ગોડજીલા (૩-ડી) : ૧૨.૦૦
એક્સ-મેન : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૧૦, ૬.૧૫, ૯.૨૦
: સ્ક્રીન-૪ :
હીરોપંતી : ૧૦.૧૫, ૧.૨૦, ૪.૨૫, ૭.૩૦, ૧૦.૩૫

સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હીરોપંતી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
કૌચદયાન : ૭.૦૦
: સ્ક્રીન-૨ :
ગોડજીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫,૧૦.૧૫
કૌચદયાન : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
કૌચયયાન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
હીરોપંતી : ૭.૩૦

આપની આજ

મેષ : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંચિત ધનમાં વૃદ્ધિ થશે. ભાગ્યવર્ધક યાત્રાઓનું આયોજન થશે.

વૃષભ : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

મિથુન : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

કુંભ : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. કનુભાઈ આત્મારામ પ્રજાપતિ (ઉ.વ. ૫૦) એલ/૬૨, પુષ્પક એપાર્ટમેન્ટ, સેક્ટર-૧૩, ગાંધીનગર.
- સ્વ. મણિલાલ સિંધ (ઉ.વ. ૯૫) બ્લોક નં. ૬૬૪/૧, ડિફેન્સ કોલોની, સેક્ટર-૩૦, ગાંધીનગર.
- સ્વ.ધનવંતરાય મગનલાલ ત્રિવેદી (ઉ.વ. ૭૭)બ્લોક નં. ૨૨/૨૪૭, હરસિદ્ધનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. સરસ્વતીબેન ત્યાગરાજ મોદલીયાર(ઉ.વ. ૬૪) બ્લોક નં. ૨૧/૪૯૬,અમરાઈવાડી, અમદાવાદ.
- સ્વ. એ. એન. ગોપ્પમા(ઉ.વ. ૮૦) આર્મી કેમ્પ, ચિલોડા રોડ, તા., જિ. ગાંધીનગર.